Sr. No.	Name of the College	One Act Play	Group Dance	Group Song	Garba	Mono Acting	Classical Dance	Classical Vocal Music	Light Vocal Music	Classical Instrum-ental Music	Handi-craft	On the Spot Painting	Poetry Recitation	Comple-tion of Poetry	Short Story Writing	Total Student No. M	F
		(1)	(2)	(3)	(4)	(5)	(6)	(7)	(8)	(9)	(10)	(11)	(12)	(13)	(14)	15	16
1	Bhagvan Mahavir Coll. Of Management, Surat	-	-	-	-	-	-	-	5(1)	-	6(1)	6(1)	6(1)	-	-	2	2
2	Naranlala College of Commerce & Management, Navsari	-	-	-	5(16)	-	5(1)	-	-	-	-	-	-	-	-	-	17
3	BCA College, Sabargam, Surat.	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	5(1)	1	6
4	Laxmi Institute of Comm., Sarigam	-	-	-	-	-	-	-	-	-	13(1)	16(1)	-	-	11(1)	1	2
5	Shri G. M. Bilakhia Coll. Of Applied Sci., Vapi	-	-	-	-	-	-	-	-	-	-	37(1)	-	-	-	1	-
6	Prof. V.B.Shah Institute of Management, R.V.Patel College of Commerce(Eng.Med.), V.L.Shah College of Commerce (Guj.Med.) & R.K.Shah Women's Arts College, Amroli, Surat	29(9)	25(8)	31(8)	26(16)	38(1)	19(1)	14(1)	42(1)	16(1)	34(1)	47(1)	47(1)	32(1)	38(1)		
7	R. K. Desai Coll. Of Comm. & Management, Vapi	-	-	-	-	-	-	-	-	-	-	-	49(1)	33(1)	40(1)	1	1
8	Sutex Bank Coll. Of Comp. App. & Med. Tech., Amroli	31(9)	31(8)	-	30(16)	-	22(1)	-	47(1)	-	-	-	-	-	-	9	21
9	Vivekanand College for B.B.A, Jahangirpura, Surat	-	-	-	-	42(1)	-	-	-	-	-	-	-	-	-	1	-
10	Navnirman Institute of Management (NIM), Bharthana	-	-	-	-	45(1)	27(2)	-	-	-	-	60(1)	56(1)	-	48(1)	-	6

37th Youth Festival & Athletic Meet
08,09 & 10 January, 2010
List of Colleges according to Event wise

Sr. No.	Name of the College	One Act Play	Group Dance	Group Song	Garba	Mono Acting	Classical Dance	Classical Vocal Music	Light Vocal Music	Classical Instrum-ental Music	Handi-craft	On the Spot Painting	Poetry Recitation	Comple-tion of Poetry	Short Story Writing	Total Student No. M	F
		(1)	(2)	(3)	(4)	(5)	(6)	(7)	(8)	(9)	(10)	(11)	(12)	(13)	(14)	15	16
1	R. K. Desai Coll. Of Comm. &Management, Vapi	-	-	-	-	-	-	-	4(1)	-	-	6(1)	-	-	-	-	-
2	R. K. D.i Achchhariwala Coll. Of Com.& App. Vapi	-	-	-	-	3(1)	-	3(1)	5(1)	-	-	8(1)	-	-	-	2	1
3	Smt. Z.S.Patel Coll. Of Management, (B.B.A.), Surat	-	-	4(4)	-	-	2(1)	-	-	-	-	10(1)	-	-	4(1)	1	6
4	Smt. Z.S.Patel Coll. Of Management, (B.C.A.), Surat	-	-	-	-	-	3(1)	-	-	-	-	11(1)	-	-	-	-	2
5	C.B.Patel Computer College, Bharthana	-	-	-	-	-	6(1)	-	-	-	-	-	-	-	-	0	2
6	S.S, Agrawal college of Arts, commerce and management, Navsari	5(9)	-	10(5)	-	12(1)	-	-	15(1)	-	-	20(1)	13(1)	9(1)	10(1)	9	11
7	Naranlala College of Commerce & Management, Navsari	-	-	-	-	-	-	-	17(1)	-	-	-	-	-	-	0	1
8	Navnirman Institute of Management (NIM), Bharthana	-	-	-	-	17(1)	12(1)	-		-	18(1)	29(1)	26(1)		15(1)	0	6
9	Shri S. U.Patel college of computer Sci. & Bus. Mana , Surat	9(9)	17(8)	20(8)	-	18(1)	-	-	26(1)	-	-	-	-	-	-	9	15
10	BRCM College of Business Administration, Surat	10(9)	-	-	-	19(1)	13(1)	8(1)	-	-	19(1)	30(1)	27(1)	-	-	8	7
11	Ambaba Commerce College & Maniba Institute of Management, Sabargam, Surat.	-	-	-	-	-	-	9(1)	-	-	-	-	-	-	-	0	1
12	BCA College, Sabargam, Surat.	-	-	-	-	-	-	-	-	-	-	31(1)	-	-	16(1)	2	0
13	Vivekanand College for B.B.A, Jahangirpura, Surat	-	-	-	-	-	-	-	-	-	-	-	45(1)	-	32(1)	1	0
14	Nalanda College of Commerce & Management,Vadodara	25(4)	-	-	-	42(1)	-	-	-	-	-	52(1)	50(1)	-	-	8	1
15	Prof. V.B.Shah Institute of Management, R.V.Patel College of Commerce(Eng.Med.), V.L.Shah College of Commerce (Guj.Med.) & R.K.Shah Women's Arts College, Amroli, Surat	28(9)	30(8)	32(8)	23(16)	44(1)	26(1)	18(1)	46(1)	17(1)	37(1)	55(1)	53(1)	40(1)	38(1)	18	28
16	Dolat Usha Institute of Applied Sciences & Dhiru Sarla Institute of Management & Commerce, valsad	-	-	38(8)	28(16)	-	-	20(1)	-	-	-	63(1)	-	-	-	0	25
17	B.V.Patel Institute of Business Management, Computer & Information Technology, Tarsadi	-	-	-	-	-	28(2)	-	-	20(1)	-	-	-	-	-	1	2

શ્રી સંજયભાઈ આઈ. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૦. (a) નિર્માણ પામી રહેલ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનું ભવન કયારથી ઉપયોગમાં લઈ શકાશે તેની માહિતી આપવા વિનંતી.

(b) આ વિભાગનું અત્યારનું મકાન ખાલી થાય ત્યારે તેનો શું ઉપયોગ થનાર છે તેની કોઈ યોજના તૈયાર હોય તો તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૨૦. (a) આગામી શૈક્ષણિક વર્ષથી ઉપયોગમાં લઈ શકાશે.

(b) ભાવિ જરૂરીયાત મુજબ ઉપયોગ કરવામાં આવશે.

ડૉ. રજનીકાંતભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૧. બી.એસસી. (નર્સીંગ) નો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ મેડીકલ ફેકલ્ટી દ્વારા તેમજ એકેડેમીક કાઉન્સીલ દ્વારા કયારે મંજૂર કરવામાં આવ્યો હતો ?

ઉત્તરઃ ૨૧. બી. એસસી. (નર્સીંગ)નો ચાર વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કરવા કુલપતિશ્રીએ નીમેલ એડહોક સમિતિએ તેની તા. ૧૭ – ૦૫ – ૦૩ની સભાને કરેલ ભલામણ મેડીકલ ફેકલ્ટીવતી અધ્યક્ષશ્રીએ મંજૂર કરી હોય એકેડેમિક કાઉન્સિલ તા. ૨૦ – ૦૫ – ૦૩ની સભાએ ઠરાવ નં. ૨૪થી મંજૂર કરેલ છે.

ડૉ. રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૨. યુનિવર્સિટીમાં હાલમા ગેસ્ટહાઉસની પૂરતી સગવડતાઓ છે કે કેમ? જો ના હોય તો તે સુધારવા જો કોઈ પગલા લીધા હોય તો તે અંગે જાણકારી આપશો.

ઉત્તરઃ ૨૨. યુનિવર્સિટીમાં હાલમા ગેસ્ટહાઉસમાં રહેવા માટેની પૂરતી સગવડતાઓ ઉપલબ્ધ છે. નવા ગેસ્ટહાઉસ માટે બાંધકામ શરૂ કરવામાં આવેલ છે.

આ. ડૉ. વિપીનભાઈ ડી. નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૩. **(a)** વય મર્યાદાને કારણે ૬૨ વર્ષ પછી નિવૃત થતાં અધ્યાપકોને ૬૫ વર્ષ સુધી સંલગ્ન સ્વનિર્ભર સંસ્થામાં નિમણૂંક આપવા અંગેની કોઈ દરખાસ્ત યુનિવર્સિટી સમક્ષ રજૂ થઈ છે કે કેમ તેની માહિતી આપવા વિનંતી.

(b) વય મર્યાદાને કારણે નિવૃત થતા અધ્યાપકોને યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ૬૫ વર્ષની વય સુધી નિમંણૂક આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ તેની માહિતી આપવા વિનંતી છે.

(c) જો એવી કોઈ યોજના અમલમાં ન હોય તો તેવી યોજના શરૂ કરવાની કોઈ દરખાસ્ત યુનિવર્સિટી સમક્ષ રજૂ થઈ છે કે કેમ તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૨૩. **(a)** નાજી.

(b) નાજી.

(c) નાજી.

શ્રી સંજયભાઈ આઈ. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૪. (a) આપણી યુનિવર્સિટીમાં L.L.B. નો પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ શરૂ કરવાની યોજના છે કે કેમ તેની માહિતી આપવા વિનંતી.

(b) આપણી યુનિવર્સિટીમાં M.Com. નો પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ યુનિવર્સિટી કેમ્પસ ખાતે શરૂ કરવાની યોજના હોય તો તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૨૪. (a) નાજી.

(b) M.Com. નો પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ યુનિવર્સિટી કેમ્પસ ખાતે શરૂ કરવા અંગેની પ્રપોઝલ તૈયાર કરવા એક પેટાસમિતિની નિમણૂંક કરવામાં આવી છે.

ડૉ. રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૫. આગામી શૈક્ષણિક વર્ષથી યુનિવર્સિટી રાજય સરકાર રજૂ કરવામા આવનાર સેમેસ્ટર પધ્ધતી તેમજ ચોઈસ બેઈઝડ ક્રેડિટ સિસ્ટમનો અમલ કરવા જઈ રહી છે કે કેમ? તે અંગે માહીતી આપવી. જો જવાબ ' ના ' હોય તો યુનિવર્સિટી સદર સિસ્ટમનો અમલ કયારથી કરવા જઈ રહી છે તે જણાવશો.

ઉત્તરઃ ૨૫. હા, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાનથી સેમેસ્ટર સિસ્ટમ ક્રમશઃ અમલ થનાર છે, આપણી યુનિવર્સિટીને સોંપવામાં આવેલી કામગીરીની શરૂઆત પૂર્વે તૈયારી રૂપે મીટીગો કરવામાં આવી છે અને આપણી યુનિવર્સિટીમાં આ કામગીરી માટે પસંદ કરવામાં આવેલ વ્યકિતઓનો રાજય સરકારનાં પ્રતિનિધિઓ સાથેનાં વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે.

આ. ડૉ. વિપીનભાઈ ડી. નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૬. યુનિવર્સિટી કેમ્પસ ઉપર આવેલ કાનજીભાઈ દેસાઈ કોમ્પ્યુટર સેન્ટર કે જયાં MCA તથા DCA અભ્યાસક્રમો ચલાવતો કોમ્પયુટર વિભાગ કાર્યરત હતો તેનો અત્યારે કયા હેતુઓ માટે ઉપયોગ થાય છે તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૨૬. યુનિવર્સિટી કેમ્પસ ઉપર આવેલ કાનજીભાઈ દેસાઈ કોમ્પ્યુટર સેન્ટર કે જયાં MCA તથા DCA અભ્યાસક્રમો ચલાવતો કોમ્પયુટર વિભાગ કાર્યરત હતો તેમાં હાલ પૂરતું તદ્દન હંગામી ધોરણે બાયોટેકનોલોજીના કોર્ષ માટે વપરાશમાં લેવામાં આવે છે.

શ્રી સંજયભાઈ આઈ. દેસાઈએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૭. **(A)** ૧૧મી પંચવર્ષીય યોજનામાં યુનિવર્સિટીને **UGC** દ્વારા કેટલી રકમની ગ્રાંટ મંજૂર થઈ છે ?

(B) આજ પર્યંતની વધુમાં વધુ ગ્રાંટ કેટલી મંજૂર થઈ હતી ?

(C) ઉપરોકત ગ્રાંટ સમયસર વાપરી શકાય તે અંગે યોગ્ય પ્લાનીગ/ બજેટીગ થયું છે કે કેમ ?

ઉત્તરઃ ૨૭. **(A)** ૧૧મી પંચ વર્ષીય યોજનામાં યુનિવર્સિટીને **UGC** દ્વારા ૧૪. ૦૮ કરોડની ગ્રાંટ મંજૂર થઈ છે.

(B) આજ પર્યંતની વધુમાં વધુ ગ્રાંટ ૧૪. ૦૮ કરોડની ગ્રાંટ મંજૂર થઈ છે.

(C) ઉપરોકત ગ્રાંટ સમયસર વાપરી શકાય તે અંગે યોગ્ય પ્લાનીગ/ બજેટીગ થયું છે.

ડૉ. રમણભાઈ ડી. પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્નઃ ૨૮. ગ્લોબલવોર્મીંગને ધ્યાનમા રાખી યુનિવર્સિટી પ્રતિષ્ઠાન ખાતે વૃક્ષારોપણ અંગે આયોજન કરવામાં આવ્યુ છે કે કેમ? જો જવાબ હા હોય તો વિગતો આપવા વિનંતી. જો જવાબ ના હોય તો ભાવી આયોજન અંગે માહિતી આપવી.

ઉત્તરઃ ૨૮. યુનિવર્સિટી પ્રતિષ્ઠાનમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ છે. હાલમાં પરીક્ષા ભવનની બાજુમાં, કેન્ટિન બિલ્ડીગ પાસે તથા કોમ્પ્યુટર સાયન્સ ભવન પાસે વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.

શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવતે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી : (૨૯ થી ૫૨)

પ્રશ્નઃ ૨૯. ગ્રામ અભ્યાસ વિદ્યાશાખામાં ાઈ .ઝર્ચ અને .ઝઈ મઈ કુલ કેટલી સીટો છે ? બેક લોગ મુજબ મહિલા અનામત સાથે જાણકારી આપવી.

ઉત્તરઃ ૨૯. માર્ગદર્શક શિક્ષકોના પ્રમાણમાં વિદ્યાર્થીઓ ફાળવવામાં આવે છે.

પ્રશ્નઃ ૩૦. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન કુલ કેટલા M. Phil અને Ph. D. માં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયા ?

ઉત્તરઃ ૩૦. વિગતો આ સાથે પરિશિષ્ટ તરીકે સામેલ છે. **(પરિશિષ્ટ : ' ચ ')**

પ્રશ્નઃ ૩૧. જો પ્રશ્ન ૩૦ નો ઉત્તર ના હોય તો કારણો જણાવો.

ઉત્તરઃ ૩૧. લાગુ પડતું નથી.

પ્રશ્નઃ ૩૨. હાલ અભ્યાસ કરતા (M. Phil, Ph. D.માં) વિધાર્થીઓને ગાઈડ ઉપલબ્ધ છે ?

ઉત્તરઃ ૩૨. હાજી.

પ્રશ્નઃ ૩૩. ગ્રામ અભ્યાસ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓમાં M. Phil અને Ph. D.ની ફી નું માળખું જણાવો.

ઉત્તરઃ ૩૩. ફીનુ માળખું સામેલ છે.

(પરિશિષ્ટ : ' છ ')

પ્રશ્નઃ ૩૪. તા. ૧ – ૧ – ૨૦૦૮ થી ૨૦ – ૨ – ૨૦૧૦ સુધીમા કુલ કેટલી ડીગ્રી સર્ટીફીકેટ, માર્કશીટ જુદી જુદી એજંસી પાસેથી વેરીફીકેશન માટે આવી છે ? તેમાંથી કેટલી બોગસ ડીગ્રી / માર્કશીટ હોવાનું જણાયું છે ?

ઉત્તર: ૩૪. પરીક્ષા વિભાગનાં કોન્વોકેશન બ્રાંચમાં તા. ૧ – ૧ – ૨૦૦૮ થી ૨૦ – ૨ – ૨૦૧૦ સુધીમાં કુલ નીચે મુજબની અરજીઓ ડીગ્રી સર્ટીફીકેટના વેરીફીકેશન માટે જુદી જુદી એજન્સીઓ પાસેથી આવી હતી.

ક્રમ	સમયગાળો	એજન્સીઓ પાસેથી કુલ વેરીફીકેશન માટે આવેલ અરજીઓ		વેરીફીકેશન દરમ્યાન જણાયેલ બોગસ સર્ટીફીકેટ અંગેની માહિતી
		ઝેરોક્ષ કોપી	અસલ	
૧.	૦૧/૦૧/૨૦૦૮ થી ૩૧/૧૨/૨૦૦૮	૧૩૮	૦	
૨.	૦૧/૦૧/૨૦૦૯ થી ૩૧/૧૨/૨૦૦૯	૨૦૨	૦૨	–
૩.	૦૧/૦૧/૨૦૧૦ થી ૦૨/૦૨/૨૦૧૦	૪૬	૦૨	–

પ્રશ્નઃ ૩૫. બોગસ ડીગ્રી/ માર્કશીટ ધરાવનારા વિદ્યાર્થીઓ વિરૂધ્ધ યુનિવર્સિટીએ શું કાર્યવાહી કરી છે ?

ઉત્તરઃ ૩૫. તા. ૧ – ૧ – ૨૦૦૮ થી ૨૦ – ૨ – ૨૦૧૦ સુધીમા કુલ ૧૨ (બાર) કંપનીઓ તરફથી ૩૭૦ માર્કશીટ વેરીફીકેશન માટે આવેલી છે. જેમાંથી સામેલ લીસ્ટ પ્રમાણે ૮૬ માર્કશીટો બોગસ માલૂમ પડેલ છે. અને એક કેસમાં પોલિસ ફરીયાદ પણ કરવામાં આવેલ છે. જેની વિગત સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૩૬. ૨૦ – ૨ – ૨૦૧૦થી છેલ્લા ૬ માસમાં યુનિવર્સિટી કેમ્પસમાં કુલ કેટલા વૃક્ષો કાપવામાં આવ્યાં ?

ઉત્તરઃ ૩૬. નડતરરૂપ અને નમી પડેલ, જોખમકારક અંદાજે ૩૦ જેટલા વૃક્ષો કાપવામાં આવેલ છે.

પ્રશ્નઃ ૩૭. છેલ્લા ૬ માસમાં કપાયેલા વૃક્ષોની કાપણી માટે વન વિભાગનાં સક્ષમ અધિકારીની મંજૂરી લેવામાં આવી હતી ખરી ?

ઉત્તરઃ ૩૭. વન વિભાગની મંજૂરી લેવી પડે તે પ્રકારના ઝાડો કાપવામાં આવેલ નથી.

પ્રશ્નઃ ૩૮. છેલ્લા ૬ માસમાં કપાયેલા વૃક્ષોનું શું કરવામાં આવ્યું ?

ઉત્તરઃ ૩૮. છેલ્લા ૬ માસમાં કપાયેલા વૃક્ષોના નિકાલ માટે ભાવપત્રકો મંગાવવામાં આવેલ હતા.

પ્રશ્નઃ ૩૯. છેલ્લા ૬ માસમાં કપાયેલા વૃક્ષોનું વેચાણ જાહેર હરાજી મારફત કરવામાં આવ્યું હતું ?

ઉત્તરઃ ૩૯. છેલ્લા ૬ માસમાં કપાયેલા વૃક્ષોના વેચાણ માટે ભાવત્રકો મંગાવવામાં આવેલ હતા.

પ્રશ્નઃ ૪૦. પ્રશ્ન ૩૯નો જવાબ ના હોય તો કારણ આપો.

ઉત્તરઃ ૪૦. પ્રશ્ન ૩૯નાં ઉત્તરના સંદર્ભમાં આ પ્રશ્નનો જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૪૧. છેલ્લા ૬ માસમાં કપાયેલા વૃક્ષોનાં વેચાણથી કેટલાં રૂપિયા મળ્યા ?

ઉત્તરઃ ૪૧. રૂપિયા ૫૦,૦૦૦/– જમા થયેલ છે.

પ્રશ્નઃ ૪૨. યુનિવર્સિટીની વિવિધ હોસ્ટેલોમાં કુલ કેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને સમાવવાની ક્ષમતા છે ?

ઉત્તરઃ ૪૨. યુનિવર્સિટીની બોઈઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને સમાવવાની ક્ષમતા ૨૬૫ છે અને યુનિવર્સિટીની ર્ગલ્સ હોસ્ટેલોમાં કુલ ૨૭૯ જેટલી વિદ્યાર્થીનીઓને સમાવવાની ક્ષમતા છે. જે નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૧૧માં નવી હોસ્ટેલ સરસ્વતી ચાલુ કરાતા ૧૦૮ જેટલી વધશે.

પ્રશ્નઃ ૪૩. ચાલુ શૈક્ષણિક સત્રમાં કુલ કેટલાં વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

ઉત્તરઃ ૪૩. યુનિવર્સિટીની હોસ્ટેલમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓ ૨૨૫ અને ૩૨૦ વિદ્યાર્થીનીઓ આમ કુલ ૫૪૫ વિદ્યાર્થીઓ છે.

પ્રશ્નઃ ૪૪. યુનિવર્સિટી હોસ્ટેલમાં મેસ કોન્ટ્રાકટ કઈ રીતે અપાય છે ?

ઉત્તરઃ ૪૪. યુનિવર્સિટીની હોસ્ટેલમા મેસ કોન્ટ્રાકટ જાહેરાતથી અપાય છે.

પ્રશ્નઃ ૪૫. યુનિવર્સિટી હોસ્ટેલમાં હાલમાં મેસ કોન્ટ્રાકટરો કોણ છે ?

ઉત્તરઃ ૪૫. યુનિવર્સિટીની બોઈઝ હોસ્ટેલમા મેસ કોન્ટ્રાકટર શ્રી હનુમાન છે.
હાલમાં, યુનિવર્સિટી ર્ગલ્સ હોસ્ટેલમાં શિવાની મહારાજ મેસ કોન્ટ્રાકટર તરીકે કાર્યરત છે.

પ્રશ્નઃ ૪૬. યુનિવર્સિટી હોસ્ટેલોમાં કાર્યરત મેસ કોન્ટ્રાકટરો છેલ્લા કેટલા વર્ષથી મેસ ચલાવે છે ?

ઉત્તરઃ ૪૬. યુનિવર્સિટીની હોસ્ટેલમા મેસ કોન્ટ્રાકટ છેલ્લા ૪ વર્ષથી અપાયેલ છે.

પ્રશ્નઃ ૪૭. યુનિવર્સિટી હોસ્ટેલોના મેસ કોન્ટ્રાકટના ટેન્ડર કેટલાં વર્ષે બહાર પડે છે ?

ઉત્તરઃ ૪૭. યુનિવર્સિટીની હોસ્ટેલમા ટેન્ડર લગભગ દર વર્ષે બહાર પડે છે.

પ્રશ્નઃ ૪૮. હાલમાં કાર્યરત મેસ કોન્ટ્રાકટરને ટેન્ડર મુજબની પધ્ધતિથી કોન્ટ્રાકટ અપાયો છે ?

ઉત્તરઃ ૪૮. હાજી.

પ્રશ્નઃ ૪૯. ચાલુ શૈક્ષણિક વર્ષમાં યુનિવર્સિટી હોસ્ટેલમાં ટેન્ડર પધ્ધતિથી મેસ કોન્ટ્રાકટ અપાયો છે ?

ઉત્તરઃ ૪૯. હાજી.

પ્રશ્નઃ ૫૦. ગત સેનેટમાં બોર્ડ ઓફ એકાઉન્ટસ દ્વારા કોઈ ભલામણ કરવામાં આવી હતી ખરી ?

ઉત્તરઃ ૫૦. હાજી.

પ્રશ્નઃ ૫૧. જો પ્રશ્ન ૫૦નો ઉત્તર હા હોય તો કઈ ભલામણો હતી ?

ઉત્તરઃ ૫૧. ભલામણો આ સાથે સામેલ છે.

(પરિશિષ્ટ : ' જ ')

પ્રશ્નઃ ૫૨. ગત વર્ષની બોર્ડ ઓફ એકાઉન્ટસની ભલામણો ઉપર શુ કાર્યવાહી કરવામાં આવી છે ? વિગતો આપો.

ઉત્તરઃ ૫૨. ૧. ભલામણની નોંધ લીધી.

૨. ભલામણની નોંધ લીધી.

૩. ભલામણની નોંધ લીધી.

૪. ભલામણની નોંધ લીધી.

૫. ભલામણની નોંધ લીધી.

૬. સરકારી નિયમ ધારા – ધોરણો પ્રમાણે ચુકવવામાં આવે છે.

૭. સરકારી નિયમ ધારા – ધોરણો પ્રમાણે ચુકવવામાં આવે છે.

૮. ભલામણની નોંધ લીધી.

૯. ભલામણની નોંધ લીધી.

૧૦. ભલામણની નોંધ લીધી.

૧૧. ભલામણની નોંધ લીધી.

૧૨. ભલામણની નોંધ લીધી.

૧૩. ભલામણની નોંધ લીધી.

૧૪. ભલામણની નોંધ લીધી.

પ્રશ્નોત્તરી પૂર્ણ થયા બાદ શ્રી હોશંગ જહાંગીરજી મિરઝા દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન સ્વનિર્ભર કોલેજોના સંદર્ભમાં નીચેની બાબત ઉપર ચર્ચા – વિચારણા કરી નિર્ણય લેવા માટે પ્રસ્તાવ મૂકયો હતો.

શ્રી હોશંગભાઈ મિરઝા : તેમણે સભામાં જણાવ્યું હતું કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાતની ઘણી ખરી કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર કોર્ષમા કોલેજો ધ્વારા ગેરરીતિ આચરવામાં આવે છે એ પ્રકારની ગંભીર બાબતો ધ્યાન પર આવી છે. નિયમ મુજબ શૈક્ષણિક/બિન–શૈક્ષણિક કર્મચારીઓ નિમવામાં આવતા નથી. પગાર પૂરો ચૂકવવામાં આવતો નથી, વિદ્યાર્થીઓને પૂરી સવલતો આપવામાં આવતી નથી, નોકરીની સલામતી નથી, ઓર્ડિનન્સનો સરિયામ ભંગ કરવામાં આવે છે. સ્ટુ. કાઉન્સિલની પ્રથા યોગ્ય રીતે નિયમ મુજબ કરવામાં આવતી નથી. કેટલીક સેલ્ફ–ફાઈનાન્સ કોલેજોમાં ઈરાદાપૂર્વક ગેરરીતિ કરવામાં આવે છે. અત્રે એ પણ ધ્યાન ઉપર આવ્યું છે કે, સેલ્ફ ફાઈનાન્સ કોલેજો વેચવા માટેની માહિતી પણ ધ્યાન ઉપર આવી છે. મોટા ભાગની કોલેજો ધ્વારા સ્કોલરશીપ મળે તે માટે કોઈ પ્રયત્નો કરવામાં આવતા જ નથી. સ્કોલરશીપ આવી હોય તો સમયસર નાણા આપતા નથી. માળખાકીય સુવિધા નથી.

ઉપરોકત બાબત ગંભીર છે. આ અંગે તાકીદે જરૂરી પગલા લેવા સેનેટને અનુરોધ કરીએ છીએ.

માનનીય કુલપતિશ્રી : આ બાબતે ટેકો કોણ આપે છે ?

આ. ડૉ. વી. ડી. નાયક : હું ટેકો આપું છું.

શ્રી હોશંગભાઈ મિરઝા : તેમણે સ્ટેટયુટ ૬૦ અન્વયે એક કલાક માટે સભા એડજોર્ન કરવા વીસી સાહેબને જાણ કરી.

માનનીય કુલપતિશ્રી : આઈ પૂટ ધીસ પ્રપોઝલ, ઈફ મેજર સભ્યો સંમત થતા હોય તો એક કલાક માટે સભા એડજોર્ન કરીએ આપના પ્રસ્તાવ બાબતે.

સંજયભાઈ એ પ્રસ્તાવ મૂકયો કે એડજોર્ન કરવા માટે ચર્ચા કરીએ તો ?

આ. ડૉ. વી.ડી. નાયક : ટેકનિકલી જરૂરી છે.

સામુહિક ચર્ચા બાદ સભા ૪૫ મિનિટ માટે સભા એડજોર્ન કરવા અંગેની જાહેરાત વીસી સાહેબે કરી. અને ૪૫ મિનિટ માટે આ વિષય ઉપર સ્ટેટયુટ ૬૦ની જોગવાઈ પ્રમાણે આ વિષય પર સ્પેશ્યલ ચર્ચા કરીએ છીએ. ત્યારબાદ રેગ્યુલર એજન્ડા બાબતે ચર્ચા કરીશું...

શ્રી હોશંગભાઈ મિરઝા : લાસ્ટ ઈલેકશનમાં પાંચ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના ડાયરેકટરો નિમાયા – ૮ થી ૧૯ મિત્રો નિમાયા – હજુ ૯૦ ટકા કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં આચાર્યો નથી. વય મર્યાદા ૬૨ થી ૬૫ માટે જોગવાઈ છે. કવોલીફાઈડ માણસની અરજી આવી હોવા છતાં ઘણી જગ્યાએ નવા શિક્ષકો નિમાતા નથી. ઘણી જગ્યાએ પીએચડી ન હોય તેવાઓને ઈ.ચા. પ્રિન્સિપાલ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. શૈક્ષણિક સંસ્થાઓનું નેતૃત્વ કવોલીફાઈડ વ્યકિત સંભાળે તે મુજબ ચાલે તેને માટે પ્રયત્ન થવો જોઈએ. આ અંગેનો અમલ થવો જરુરી છે.

માનનીય કુલપતિશ્રી : આ અંગેનો પરિપત્ર દરેક કોલેજોને મોકલી દીધો છે.

શ્રી હોશંગભાઈ મિરઝા : એ પરિપત્રનો અમલ કરે તે જોવાનું રહે છે. ૯૦ ટકા સંસ્થાઓમાં શોષણ કરવામાં આવે છે. પૂરો પગાર ચૂકવવામાં નથી આવતો. સંસ્થાઓની વગ મોટી હોવાનું, આર્થિક તાકાત મોટી છે, ઉપરાંત હિંમત પણ વધારે છે. બી એડ્ કોલેજોમાં ૨૫મી થી એડમિશનો આપવાનું ચાલુ થશે. કેટલીક સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પગાર નિયમ પ્રમાણે ચૂકવાતો નથી, એક બાજુ પગારનો ચેક આપવામાં આવે અને બીજી બાજુથી એમની પાસેથી અમુક રકમ પરત લઈ લેવામાં આવતી હોય છે. શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓનો કચડાયેલો વર્ગ છે. ફરિયાદ કરે તો નોકરી માંથી કાઢી મૂકવામાં આવે, આજે એવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે કે ગમે ત્યારે ગમે તેને મન ફાવે તે મુજબ છૂટા કરી દેવામાં આવે છે. અનેક કોલેજોમાં એવા કિસ્સાઓ છે કે જે નિયમ કરતા વધારે ફી લેવાય છે. નારણલાલા કોલેજમાં ૫૦૦ રૂા. ટી.સી. કઢાવવાના લેવામાં આવે છે. જે સામાન્ય રીતે ૫૦–૩૦ લેવાતી હોય છે. ઘણી બધી કોલેજોમાં નાણાના હિસાબો રજૂ કરવામાં આવતા નથી, અને તેના ઓડિટ થતા નથી. નારણલાલા કોલેજ, નવસારી, તક્ષશીલા કોલેજ બરોડા, ભગવાન મહાવીર કોલેજો, વેસુ બાબતે એવું જાણવા મળ્યું છે કે, યુનિ. ની પરીક્ષા દરમ્યાન સ્કોડના સભ્યો જયારે જાય છે ત્યારે કોલેજના સંચાલકો જ આગળથી વિદ્યાર્થીઓને મેસેજ આપી દેતા હોય છે. જયાંથી કોથળો ભરાય એટલી કાપલીઓ વિદ્યાર્થીઓ લાવતા હોય છે, બારીમાંથી કાપલા નાંખી દેવામાં આવતા હોય છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો વેચવામાં આવી છે. એવી ગંભીર બાબતો ધ્યાન પર આવી છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં કોઈ વિદ્યાર્થીઓની સ્કોલરશીપની રકમના નાણા આવે તો તે નાણા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતા નથી. ભગવાન મહાવીર કોલેજનો આ દાખલો છે. એલઆઈસીના સભ્યોએ જવાબદારી પૂર્વકનું વલણ વર્તન દાખવવા આપણે અપેક્ષા રાખીએ છીએ. શહેર ગામડાઓના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ પેટે પાટા બાંધીને ભણે છે. શાળાના મકાનોમાં ભંડાકિયામાં વર્ગો ચાલતા હોય છે. શિક્ષકો/ વિદ્યાર્થીઓનું શોષણ થઈ રહયું છે. યુનિવર્સિટી/ કોલેજને ચૂકવેલા નાણાનું વળતર સવલત વિદ્યાર્થીઓને મળવુ જોઈએ તેવી વ્યવસ્થા આ યુનિવર્સિટી કરે તેની તકેદારી રાખે.

શ્રી સંજયભાઈ દેસાઈ : વાર્ષિક અહેવાલના પાના નં. ૧૯ ઉપર ક્રમ નં. ૩૫ થી ૪૫ સુધી જે The Principal ને બદલે I/c Principal હોવું જોઈએ.

કેટલીક કોલેજોમાં શિક્ષકો પીએચડી હોય છતાં ચમચાગીરી કરનારને કારભાર સોંપવામાં આવે છે. અગાઉના વર્ષોમાં મને યાદ છે કે શ્રી સૂર્યકાંતભાઈ શાહ મળીને સેલ્ફ ફાઈનાન્સ બાબતે એમણે જે ભયસ્થાનો બતાવેલા તે સ્પષ્ટ દેખાઈ આવે છે. અધ્યાપકોનું શોષણ, ફરિયાદ કરે તેને સાંભળ્યા વગર કાઢી મૂકે છે. અને સંચાલકો ધ્વારા બીજી કોલેજોમાં ફોન કરી જણાવી દેતા હોય છે કે આ વ્યકિત તો તોફાની છે. વિદ્યાર્થીઓ પાસે છાશવારે મેન્યુઅલ વગેરે માટે પૈસા ઉઘરાવવામાં આવે છે. સિનિયોરીટીની અવગણના કરવામાં આવે છે. જુનિયરને હેડ બનાવી દેવામાં આવે છે. જે અધ્યાપક મેકેનિકલનો હોય તેને સિવિલ, આર્કિટેકચરનો હેડ બનાવી દેવામાં આવે છે. કહયાગરો હોય તેને હેડ બનાવી દેવાતો હોય છે. રજાના લાભોની સવલતો નથી અપાતી. યુનિવર્સિટી દ્વારા સિલેકશન થયા પછી પણ નિમણૂંક પત્રો આપવામાં આવતા નથી. ૮–૧૦ ફોન કર્યા પછી નિમણૂંક આપવામાં આવે છે. નિમણૂંકપત્ર આપતી વખતે તેઓની પાસે ૩–૪ પાનાના બાંહેધરીપત્રો લખાવી લેવામાં આવતો હોય છે.

કેટલીક કોલેજોમાં પીએચડીના અધ્યાપકો હોતા નથી એવા અધ્યાપકોને રક્ષણ આપવું જોઈએ. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ થઈ ત્યારે નિયમો બનાવવામાં આવેલા છે.

ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ : આજે એક જાગૃત સભ્ય તરફથી પ્રસ્તાવ કરવામાં આવ્યો છે, અને તેને સંજયભાઈએ ટેકો આપ્યો છે. તમામ સેનેટના સભ્યો તેવી મારી અપેક્ષા છે. જે કોલેજો પગાર અપૂરતો ચૂકવતા હોય છે. તેવા અનેક વિદ્યાર્થીઓ બીજી નોકરીઓ શોધી રહયા છે. એના માટે સંચાલકોને જવાબદાર ગણવા જોઈએ.આ અંગે કોઈ જડબેસલાક વ્યવસ્થા શરુ કરવી જોઈએ. એલઆઈસીની પધ્ધતિમાં ફેરફારો કરવા જોઈએ.

શ્રી મારૂતીસિંહ ટી. અટોદરિયા : હોશંગભાઈ માટે હું મારો સૂર પૂરાવું છું. સંચાલકમંડળોના ભોગે વિદ્યાર્થી/શિક્ષકોને ભોગવવું પડે છે. જો પોલિસ કેસ કરવાની જરૂર હોય તો તે પણ કરવું જોઈએ. અમે બધાં સભ્યો આ અંગે જે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની જરૂર હોય તો તે કરવી જોઈએ.

આ. ડૉ. વી ડી નાયક : સંસ્થાની મુલાકાત સમયે એક સભ્યે મને જણાવ્યું હતું કે, અમને બેંકમાંથી પગાર ચૂકવવામાં આવે અને બીજા દિવસે પરત લઈ લેવામાં આવે. આ બાબતે એફિડેવીટ ફકત ૪ કોલેજોએ કરી છે, કેટલીક કોલેજોમાં મેદાનો નથી, અધ્યાપકોને પૂરતો પગાર આપવામાં આવતો નથી. બરોડા, ભરુચ જેવી અનેક કોલેજોમાં બીબીએ, બીસીએ કોલેજોના અધ્યાપકો કોલેજોમાં ભણાવતા નથી, ટીચર્સોનાં શોષણને કારણે તેઓ અલગ રીતે ટયૂશનો કરવા પ્રેરાય છે. એલઆઈસી દ્વારા આ કામ કરવાનું છે. એલઆઈસીના સભ્યોએ યોગ્ય રીતે રિપોર્ટ લખશે એવી અપેક્ષા રાખીએ છીએ.

શ્રી કિરીટસિંહ જે. વાસદિયા : આ બાબત અંગે સિન્ડિકેટમાં ચર્ચા થઈ છે. જે એલઆઈસી સભ્યો જાય છે તેમની પાસે આ બાબતે ધ્યાન અંગે નિર્દેશ કર્યો હતો.

શ્રી માકર્ડભાઈ ભટ્ટ : હોશંગભાઈ મિરઝાએ જે દરખાસ્ત મૂકી છે તેને ટેકો જાહેર કર્યો હતો. સેલ્ફ ફાઈનાન્સના નામે જે હાટડીઓ ચાલી રહી છે તે બંધ થવી જોઈએ. મંજૂરી આપીએ ત્યારબાદ તે ધંધાદારી અભિગમ થઈ જાય છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો યુનિ.ની સંબંધિત બોડીને આધારે તેનું પાલન કરવું જોઈએ.

આ. ડૉ. યુ . ટી. દેસાઈ : શ્રી હોશંગભાઈ મિરઝાએ જે પ્રસ્તાવ મૂકયો છે, તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. યુનિવર્સિટીએ જે સેલ્ફ ફાઈનાન્સની ફી નકકી કરી છે તે ફી બધી જ સંચાલક મંડળ લઈ લે છે. મોટેભાગે સેલ્ફ ફાઈનાન્સની ફી જે ઉઘરાવવામાં આવે છે તે મેનેજમેન્ટના ખાતામાં જમા કરી દેવામાં આવે છે. પછી તે અંગે પ્રિન્સિપાલે શોધવા જવાનું હોય. મેગેઝિન બહાર પાડવાનું હોય તો વિદ્યાર્થીઓ પાસે ફી ઉઘરાવવામાં આવે છે. ખાસ બાબત તો એ છે કે પરીક્ષાની ગેરરીતવાળી કેટલીક કોલેજો મેઈન ગેટમાં અંદરથી તાળા મારી દેતા હોય છે. સ્કોડ ત્યારે જ દાખલ થઈ શકે જયારે તાળા અંદરથી ખોલવામાં આવે. અધ્યાપકોના શોષણને કારણે ટયૂશનની પ્રવૃત્તિ વધી ગઈ છે.

મહેકમ મુજબ નોન–ટીચીંગ સ્ટાફ નિમાતો નથી. પીજી સેન્ટર ગ્રાન્ટેડ હોય કે નોન ગ્રાન્ટેડ હોય સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના પી જી સેન્ટર યુનિવર્સિટીના જ છે.

શ્રી કેતનભાઈ સી. દેસાઈ : શ્રી હોશંગભાઈએ જે સૂચનો કર્યા છે તે ટીચર્સ તરીકે અમારે કરવાનું હોય તે રજૂઆત એમણે કરી છે. આ અંગેની રજૂઆત યુનિ. માં કરવામાં આવે છે છતાંપણ ઘણા બધાં પ્રોબ્લેમ્સને તથા કોઈ કારણસર અમલ થતો નથી. આ અંગે કડક નિયમો આમેજ કરી શકીએ તે સ્વીકાર્ય છે. એલઆઈસીના સભ્યો ધ્વારા ઘણા પ્રશ્નોનો નિરાકરણ લાવી શકાય. પીએફ, ગ્રેજયુઈટીના પ્રશ્નો છે તેનું નિરાકરણ લાવવું જોઈએ.

ડૉ. અપૂર્વ એ. દેસાઈ : અપૂરતા પગારવાળો પ્રશ્ન આઘાતજનક છે. કોઈક કોલેજોમાં તો સ્ટાફના ઓફિસીયલ ખાતા જ નથી ખોલાવવામાં આવ્યા. અધ્યાપકો લેખિતમાં ફરિયાદ આપે તો તેમને પાણીચુ આપી દેવામા આવે છે. મારે એલઆઈસીમાં જવાનું થાય ત્યારે કેટલીક બાબતો જોતાં ઈન્ફાસ્ટ્રકચરનો અભાવ જોવા મળે છે. જે દિવસે એલઆઈસી જે તે કોલેજમાં જવાની હોય ત્યારે તેવી કોલેજો બહારથી કોમ્પ્યુટર્સ લાવી ગોઠવી દેતા હોય છે. લાયબ્રેરીમાં આગળથી ગોઠવી દેવાતી હોય છે. ઈન્ટરનેટ આજે જ ચાલતું નથી એવું જણાવી ગોળ ગોળ ફેરવવામાં આવે છે. બીસીએનું પરીક્ષણ સૌથી અઘરું છે. એમ.ફિલની જરૂરીયાત છે, શિક્ષકોને એમફિલ માટે કલાસ ભરવાની રજા આપવામાં આવતી નથી. યુનિવર્સિટી એલઆઈસીને બદલે સરપ્રાઈઝ એલઆઈસી મોકલે તે વધુ ઉચિત છે.

શ્રી શ્રીધર આર. નિમાવત કાળજી : એલઆઈસીમાં જનાર સભ્યો ત્યાં શું જોઈ છે? એલઆઈસી ધ્વારા જે ચકાસવાનું હોય ત્યારે જ રાખવામાં આવે તો આવું રીપીટ ન થાય.

ડૉ. કિરણભાઈ એમ.પંડયા તેવા યોગ્ય કાર્યવાહી : સ્વનિર્ભર કોલેજો બાબતે જે સભ્યોએ મંતવ્યો દર્શાવ્યા તે ખૂબ જ આઘાતજનક છે. ચિંતા ઉપજાવે છે. આ જોતા ઉચ્ચશિક્ષણની પરિસ્થિતિ ગંભીર છે. બધાંના મંતવ્યો ધ્યાનમાં લઈ કરવી જોઈએ.

શ્રી કિશોરભાઈ આર. વાઘેલા : ઘણી ખરી કોલેજોમાં ટ્રસ્ટીઓ, કોલેજના ડેવલપમેન્ટ સિવાયના કામો માટે બેઠા હોય છે. કોલેજોના રિપોર્ટ આવે ખરા પણ તેનો અભ્યાસ થવો જોઈએ. કેટલીક કોલેજોમાં ફીની રકમ કોલેજના ટ્રસ્ટીના ઘરે જતી હોય છે. કેટલીક કોલેજોમાં પીજી સેન્ટરમાં અધ્યાપક સેમિનારમાં જવા માંગતો હોય તો ન ગમતા અધ્યાપકને મંજૂરી માંગે તો પણ આપવામાં આવતી નથી. ન ગમતા કોઈ અધ્યાપકની રજા કાપવામાં આવે છે તો માનીતાની કાપવામાં આવતી નથી. કોઈ કડક નકકર પગલા ભરવાની ખાસ જરૂર છે. એન્જીનિયરીંગની જેમ ફીનું ધોરણ હોવું જોઈએ. સારી કોલેજોની ફી વધે, તે મુજબ સી, ડી, ગ્રેડ આપવા જોઈએ.

શ્રી જે. એમ. નાયક : શ્રી હોશંગભાઈ મિરઝાનાં ઠરાવને હું અનુમોદન આપું છું. સેલ્ફ ફાઈનાન્સ બાબતે જે કબૂલાત કરવામાં આવે છે તે મુજબ તેનું પાલન થતુ નથી. જરૂરિયાત મુજબ સ્ટાફ હોતો નથી. મોટે ભાગે લાયબ્રેરિયન લેવામાં આવતા નથી, ટીડીએસ ની રકમ પગારમાંથી કાપવામાં આવે છે,

આમછતાં ચૂકવણી પૂરી થતી નથી, ૨કમ કોઈ વ્યકિતના ખિસ્સામાં જાય છે. આ બદી અટકે તેના પ્રયાસો થવા જોઈએ અને કોઈ ચોકકસ નિયમો ઘડાવા જોઈએ.

ડૉ. કે. સી. પોરીયા : જે કોલેજો પૂરતું ઈન્ફ્રાસ્ટ્રકચર ધરાવતી હોય તેને માન્યતા આપવી અને જે ન ધરાવતી હોય તેને ન આપવી જોઈએ, તેમણે વધુમા જણાવ્યું હતું કે, કેટલીક પ્રતિષ્ઠિત ટ્રસ્ટ દ્વારા ચાલતી કોલેજોમાં પણ બિન–શૈક્ષણિક સ્ટાફને માત્ર રૂા. ૨૫૦૦ જેવી નજીવી ૨કમ આપવામાં આવે છે.

શ્રી હોશંગભાઈ મિરઝા : તમામ સભ્યશ્રીઓએ ર્ચચામાં ભાગ લીધો છે, આભાર, દરેકના સૂચનો નોંધ્યા છે. દરેક સભ્યોએ તેમની દરખાસ્ત સિન્ડિકેટમાં મૂકવા જણાવ્યું હતું. આ ન્યાય માટેની લડત છે. સમગ્ર સેનેટ એક પરિવાર તરીકે માનનનીય કુલપતિશ્રીની સાથે છે, એટલે સાહેબ, કડકમાં કડક પગલા સિન્ડિકેટ લેતા અચકાય નહીં. વિદ્યાર્થીઓનું અહિત ન થાય, મહાવિદ્યાલય ચાલુ રહે અને હાટડીઓ ન બને.

માનનીય કુલપતિશ્રી : આજે જે કોઈ સૂચનો થયા છે, આ બધા સૂચનો કમિટીના ફોર્મમાં સ્વીકારી ઠરાવ કરી શકાય. આ તમામ સૂચનો સિન્ડિકેટને ભલામણ કરે. બીજા કોઈનું સૂચનો હોય અને ઠરાવ હોય તો પાછળથી કરી શકશે તે પણ બે–ત્રણ દિવસમાં જ.

ઉપરોકત તમામ અને આનુસંગીક બાબતો અંગે આજની આ સભા ગંભીર ચિંતા વ્યકત કરે છે. અને તે તમામ બાબતોને ધ્યાને લઈ જરૂરી કાનૂની જોગવાઈઓ કરવા તેમજ વહીવટી પગલા લેવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, બિન–શૈક્ષણિક કર્મચારીઓનું શોષણ ન થાય અને સ્વનિર્ભર કોલેજોમાં શિક્ષણની યોગ્ય વ્યવસ્થા ઊભી થાય તે માટે તાકીદે જરૂરી પગલા લેવા આજની આ સભા સક્ષમ અધિકાર મંડળ સિન્ડિકેટને અનુરોધ કરે છે.''

ઉપરોકત પ્રસ્તાવ ચર્ચા વિચારણાને અંતે માનનીય અધ્યક્ષશ્રીએ મત ઉપર મૂકતા તેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ઉપરોકત ચર્ચા પૂર્ણ થયા બાદ નીચે મુજબની રેગ્યુલર એજન્ડાની બાબતો ઉપર ચર્ચા શરૂ થઈ હતી.

(૩.) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે સૂચવેલ સુધારા–વધારા સાથે રજૂ કરેલ ૪૩મો વાર્ષિક અહેવાલ (૨૦૦૮–૨૦૦૯) પર વિચારણા કરવા બાબત.

" <u>સિન્ડિકેટ તરફથી આ. ડૉ. વી. ડી. નાયકે પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ ટેકો આપ્યો હતો.</u> "

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ ❖ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૦૮–૨૦૦૯ના વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ–૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

(૪.) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ ❖ અન્વયે સિન્ડિકેટ તૈયાર કરેલ અને કલમ –૫૦ (૪) અન્વયે, રજૂ કરેલ યુનિવર્સિટીનું સનેઃ ૨૦૦૯–૨૦૧૦નું સુધારેલ અંદાજપત્ર તથા સનેઃ ૨૦૧૦–૨૦૧૧નું અંદાજપત્ર.

" <u>સિન્ડિકેટ તરફથી આ. ડૉ. યુ. ટી. દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હોશંગ જહાંગીરજી મીરઝાએ ટેકો આપ્યો હતો.</u> "

"વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૧૮ (૧) ની પેટા કલમ – (૧૧) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સનેઃ ૨૦૦૯–૨૦૧૦નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૦–૨૦૧૧ના અંદાજપત્ર પર સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

:: ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અંદાજપત્રો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

(૫.) યુનિવર્સિટી એકટ ૪૩ (૧)ની નીચેની જોગવાઈ મુજબ The Secondary School Certificate Examination in the eleventh standard or Higher Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination Board પાસ કરનારને યુનિવર્સિટી દ્વારા એનરોલમેન્ટની જોગવાઈ છે જે અવલોકનમાં લેતા હાલમાં Higher Secondary Certificate Examination conducted by the Gujarat Secondary & Higher Secondary Education Board or by any other Statutory Board of any other state પાસ થનારનેજ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે પ્રથમ વર્ષમાં એનરોલમેન્ટ કરવાની જોગવાઈ છે તે જોતા પ્રવર્તમાન એકટ સામે દર્શાવ્યા મુજબનો સુધારો સૂચવવા સિન્ડિકેટે તેની તા. ૨૦ – ૮ – ૨૦૦૯ની બાબત ક્રમાંક : ૨૮થી મંજૂર કરી સેનેટને ભલામણ કરેલ છે જેના પર વિચારણા કરવા બાબત.

પ્રવર્તમાન એકટ	**પ્રવર્તમાન એકટમાં સૂચિત સુધારાનો મુસદ્દો**
43 No student shall be enrolled as a student of the University unless he has passed **<u>The Secondary School Certificate Examination in the eleventh standard or</u>** Higher Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination Board in such subjects and with such students of attainment as may be prescribed by the Statutes. or	43 No student shall be enrolled as a student of the University unless he has passed Higher Secondary Certificate Examination conducted by the Gujarat Secondary & Higher Secondary Education Board **or** by any other Statutory Board of any other state in such subjects and with such students of attainment as may be prescribed by the Statutes. or

<u>સિન્ડિકેટની તા. ૨૦ – ૮ – ૨૦૦૯ની બાબત ક્રમાંક : ૨૮ની ભલામણ :</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં સેનેટ સભ્ય શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ પાસે રજૂ **(MOVE)** કરાવવાનું રાખવું.

:: **ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબત સેનેટના કાર્યક્ષેત્ર હેઠળ આવતી નહીં હોવાથી કોઈ ચર્ચા વિચારણા કરવાની રહેતી નથી.**

(૬.) આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિએ તા. ૧૩–૦૨–૨૦૦૯ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૦૭થી અમલમાં આવે તે રીતે M.Sc. (Applied Statistics)નો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૦૭–૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ થી મંજૂર કરવામાં આવેલો.

સદર અભ્યાસક્રમને વર્ષ ૨૦૦૯માં બે વર્ષ પુર્ણ થતા, સફળ વિદ્યાર્થીઓ ફેબ્રુઆરી ૨૦૧૦માં ડીગ્રી સર્ટીફીકેટ માટે ફોર્મ ભરશે. આથી સદર વિદ્યાર્થીઓને એનાયત થનાર ડીગ્રી M.Sc. (Applied Statistics) Statute - 106 & 229(3) માં આમેજ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા.૦૫–૦૫–૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૩૩ અન્વયે કરેલી નીચેની ભલામણ સિન્ડિકેટે તેની તા.૦૯–૦૬–૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩૪ થી નીચે મુજબ સ્વીકારેલ હોય તેની પર વિચારણા કરવા બાબત.

ઉપરોકત પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ શ્રી આર. ડી. પટેલ પાસે મુવ (Move) કરાવવો.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૫–૦૫–૦૯ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૩૩</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** Statute - 106 & 229(3) **માં** M.Sc. (Applied Statistics) **વિષયનો નીચે મુજબ સમાવેશ કરવો.**

<u>Statute - 106 & 229(3) **નો પાઠ**</u>

<u>STATUTE - 106 :</u>

2. <u>Faculty of Science</u>

<u>Applied Statistics</u>

<u>STATUTE - 229 :</u>

3. <u>Faculty of Science</u>

M. Sc. (Applied Statistics)

<u>સિન્ડિકેટની તા. ૦૯–૦૬–૦૯ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૩૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણનો યથાવત્ સ્વીકાર કરવો અને સદર બાબત પ્રો. આર. ડી. પટેલ દ્વારા આગામી સેનેટમાં દરખાસ્ત રજૂ કરાવવી.

:: **ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે ૧૦૬ અને ૨૨૯(૩) અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.**

(૭.) આર્ટસ્, સાયન્સ અને તબીબી વિદ્યાશાખા હેઠળના જુદા જુદા વિષયોનો સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ માં સમાવેશ કરવામાં આવેલ ન હોય જેને આમે જ કરવા જે તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓએ વિદ્યાશાખાવતી મંજૂર કરેલ છે. જેને એકેડેમિક કાઉન્સિલવતી માનનીય કુલપતિશ્રીએ સ્વીકારી તે નીચે મુજબ આમે જ કરવા સિન્ડિકેટને કરેલ ભલામણ અંગે સિન્ડિકેટે તેની તા. ૨૨ – ૦૨ – ૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે પ્રસ્તુત બાબત નીચે મુજબ સ્વીકારેલ હોય તેની પર વિચારણા કરવા બાબત.

ઉપરોકત પ્રસ્તાવ સેનેટની સભા સમક્ષ સિન્ડિકેટના ઠરાવ મુજબ શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ પાસે રજૂ (MOVE) કરાવવો.

STATUTE - 106		STATUTE - 120	
Arts			Arts
(D)	Interior Design	(1) 23 A	Interior Design
(D)	Mass Communication	(1) 22 A	Mass Communication
(D)	Comparative Literature	(1) 13 A	Comparative Literature
		(1) 17 A	Social Work
Science			
(2)	Bio-technology	(3) 37 A	Bio-technology
(2)	Applied Mathematics		
(2)	Pharmaceutical Chemistry		
(2)	Environmental Chemistry		
Medical			
(7)	Optometry	120 (55-6)	Optometry
(7)	Clinical Psychology	120 (56-4)	Clinical Psychology

<u>સિન્ડિકેટની તા. ૨૨ – ૦૨ – ૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૭</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ પાસે રજૂ **(MOVE)** કરાવવાનું રાખવું.

:: ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે ૧૦૬ અને ૧૨૦ અંગેની સિન્ડિકેટની ઉપરોકત ભલામણને માનનીય કુલાધિપતિશ્રીની મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.

(૮.) સિન્ડિકેટ તા. ૨૧ – ૨ – ૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે સુધારેલ ઓર્ડિનન્સ – 128 (1), (4) તથા સિન્ડિકેટ તા. ૧૬ – ૭ – ૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૪ અન્વયે સુધારેલ ઓર્ડિનન્સ – 128 (3) (B).

:: " ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટ તરફથી રજૂ કરેલ સુધારેલ ઓર્ડિનન્સ – 128 (1), 128 (3) (B). તથા (4) પરિશિષ્ટઃ ' ઝ ' માં આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા."

(પરિશિષ્ટઃ " ઝ ")

(૯.) સિન્ડિકેટની તા. ૨૩–૧૨–૨૦૦૯ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૧ અન્વયે ઓર્ડીનન્સ – ૬૬ (૧), (૨) (A), (B), (C) અને (૩) માં થયેલ સુધારા/ વધારા અંગેની સિન્ડિકેટની ભલામણ.

:: " ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટ તરફથી રજૂ કરેલ ઓર્ડીનન્સ – ૬૬ (૧), (૨) (A), (B), (C) અને (૩) પરિશિષ્ટઃ ' ટ ' માં આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા."

(પરિશિષ્ટઃ " ટ ")

(૧૦.) પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ– ૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

:: કુલસચિવશ્રી તરફથી પરિશિષ્ટઃ ' ઠ ' માં જણાવ્યા પ્રમાણે રજૂ કરેલ કોલેજોના અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.

(પરિશિષ્ટઃ " ઠ ")

(૧૧.) આગામી તા. ૨૫ – ૩ – ૨૦૧૦ના રોજ મળનાર સેનેટની સભામાં સને ૨૦૦૮ – ૦૯ના વર્ષમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોને મળેલા દાન અંગેની નોંધ લઈ દાતાઓનો આભાર માનવા બાબત.

:: પરિશિષ્ટ : ' ડ ' માં જણાવ્યા મુજબ યુનિવર્સિટીને મળેલ દાનના અહેવાલની સર્વાનુમત્તે નોંધ લેવામાં આવી હતી.

(પરિશિષ્ટઃ " ડ ")

હુકમથી,

કુલસચિવ

ક્રમાંકઃ એસ–૩ (૧)/ ૪૦૪૦ / ૨૦૧૦

યુનિવર્સિટી કાર્યાલય,

સુરત, તા. ૨૧ – ૪ – ૨૦૧૦

પ્રકાશક : શ્રી. જે. આર. મહેતા, કુલસચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત – ૭.

પ્રતિ,

સેનેટના સર્વ સભ્યશ્રીઓ.....